# ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ગ્રેઈન ગ્રોઅર્સ ફેડરેશન લિમિટેડ, અમદાવાદ

"હનુમંત" શ્રેયસ સોસાયટી, વાસણા બેરેજ રોડ, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યોની યાદી : ૨૦૨૩ - ૨૦૨૪

| | |
|---|---|
| ચેરમેનશ્રી | : શ્રી નિતીનકુમાર વાડીલાલ પટેલ |
| વા. ચેરમેનશ્રી | : શ્રી બાબુભાઈ બાવનજીભાઈ નસીત |
| ડિરેક્ટર શ્રી | : શ્રી મણીભાઈ મેઘજીભાઈ પટેલ |
| " | : શ્રી મોહનભાઈ રઈજીભાઈ ભરવાડ |
| " | : શ્રી શાંતિલાલ વશરામભાઈ પટેલ |
| " | : શ્રી હિતેન્દ્રસિંહ મદારસિંહ ગોહિલ |
| " | : શ્રી જગદેવસિંહજી ફતેસિંહજી પરિહાર |
| " | : શ્રી હેમતસંગભાઈ બાવલભાઈ પઢેરીયા |
| " | : શ્રી નવીનચંદ્ર શિવલાલ પટેલ |
| " | : શ્રી મગનભાઈ લધ્ધાભાઈ પટેલ |
| " | : શ્રી શાંતિલાલ વશરામભાઈ પટેલ |
| " | : શ્રી ભાવનાબેન જયવંતસિંહજી જાડેજા |
| " | : શ્રી વિનોદભાઈ લધ્ધાભાઈ પટેલ |
| " | : શ્રી સંદિપકુમાર બિપીનચંદ્ર પટેલ |
| " | : શ્રી પંકજભાઈ નરસિંહભાઈ પટેલ |
| " | : શ્રી જયંતિભાઈ કરશનભાઈ પટેલ |
| " | : શ્રી મનહરભાઈ ખુશાલભાઈ પટેલ |
| " | : શ્રી ઉમેદભાઈ જીવાભાઈ પટેલ |
| " | : શ્રી જયંતિભાઈ કાન્તીભાઈ પટેલ |
| " | : શ્રી મોહનભાઈ રઈજીભાઈ ભરવાડ (જી.એસ.સી. બેંક પ્રતિનિધિ) |
| " | : શ્રી N.C.D.C. ગાંધીનગરના પ્રતિનિધિશ્રી |
| રાજ્ય સરકારશ્રીના પ્રતિનિધિ | : શ્રી રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય |
| | : સચિવ શ્રી (ખર્ચ), નાણાં વિભાગ, ગુજરાત રાજ્ય |
| મેનેજીંગ ડિરેક્ટર શ્રી (ઈન્ચાર્જ) | : શ્રી પ્રદ્યુમનસિંહ નરેન્દ્રસિંહ ચૌહાણ |

રજીસ્ટ્રેશન ન. સે-૪૧, તા. ૧૨-૧૨-૧૯૮૪

વર્ષ : ૨૦૨૩-૨૦૨૪
ઓડીટ વર્ગ : બાકી
સભાસદ સંખ્યા : ૯૩૬

**રજીસ્ટર્ડ ઓફીસ :**
''હનુમંત'', શ્રેયસ સોસાયટી, વાસણા બેરેજ રોડ,
વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
(ફોન નં. : ૦૭૯- ૨૬૬૪૨૨૬૦)

**બેંકર્સ :**
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, વાસણા, અમદાવાદ.
બેંક ઓફ બરોડા, શારદા મંદિર શાખા, અમદાવાદ.
ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લિ., અમદાવાદ.
અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેન્ક લિ., આશ્રમ રોડ, અમદાવાદ.

**ઈન્ટરનલ ઓડિટર્સ :**
એસ.આર. મપારા એન્ડ કું.
૪૦૬, સત્કાર, લાલ બંગલા પાસે,
સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન : ૨૬૪૬૧૧૮૫, મો.: ૯૮૯૮૦૨૦૧૬૫

**ખાતાકિય ઓડિટર્સ :**
**સ્પેશ્યલ ઓડિટરશ્રી,**
સહકારી મંડળીઓ
અમદાવાદ.

# ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ગ્રેઈન ગ્રોઅર્સ ફેડરેશન લિમિટેડ, અમદાવાદ

"હનુમંત" શ્રેયસ સોસાયટી, વાસણા બેરેજ રોડ, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

## વાર્ષિક સાધારણ સભાની નોટીસ

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ગ્રેઈન ગ્રોઅર્સ ફેડરેશન લિમિટેડ, અમદાવાદના સભાસદોને આથી જણાવવામાં આવે છે કે ફેડરેશનની વર્ષ ૨૦૨૩-૨૦૨૪ની ચાલીસમી વાર્ષિક સાધારણ સભા તા.૨૧-૬-૨૦૨૪ને શુક્રવાર ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે દસકોશી કડવા પાટીદાર સમાજ હોલ, ભાગવત વિદ્યાપીઠના ગેટ પાસે, માંગલ્ય વાટિકા પાર્ટી પ્લોટની બાજુમાં, સોલા, એસ.જી. હાઈવે, અમદાવાદ ખાતે મળશે, તેમાં હાજરી આપવા વિનંતી છે.

## કાર્યસૂચિ

૧. તા. ૨૨-૦૬-૨૦૨૩ના રોજ મળેલ ઓગણચાલીસમી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવા (કાર્યવાહી- નોંધ સામેલ છે.)

૨. આંતરિક ઓડિટરશ્રીએ પ્રમાણિત કરેલ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સે મંજુર કરેલ ફેડરેશનનું ૨૦૨૩-૨૦૨૪ના વર્ષનું સરવૈયુ, નફા-નુકશાન ખાતું, વેપાર ખાતું, વાર્ષિક અહેવાલ મેળવવા અને આંતરિક ઓડિટરશ્રીના રિપોર્ટની નોંધ લઈ મંજુર કરવા બાબત.

૩. ફેડરેશનના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ભલામણ કરેલ ૨૦૨૪-૨૦૨૫ના વર્ષનું વેપારી કામગીરીનું અંદાજપત્ર મંજુર રાખવા. (અહેવાલ પાના નં. ૨૦)

૪. ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટે, ફેડરેશનના ઈન્ટરનલ ઓડિટ માટે, આંતરિક અન્વેષકની નિમણુંક કરવા તથા તેમનું મહેનતાણું નક્કી કરવા. તેમજ જી.એસ.ટી. અને ટેક્ષ ઓડિટ માટે ઓડિટરની નીમણૂંક કરવા અને મહેનતાણું નક્કી કરવા બાબત.

૫. વર્ષ ૨૦૨૨-૨૩ના સ્ટેચ્યુટરી ઓડિટ રીપોર્ટ અને સંસ્થાએ કરેલ દુરસ્તી રીપોર્ટની નોંધ લઈ મંજુર રાખવા બાબત.

૬. પેટા કાયદામાં નક્કી કરેલ મહત્તમ મર્યાદા સુધીમાં લેવા પડતા કરજની મર્યાદા નક્કી કરવા.

૭. મે. રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનો સંસ્થાના પેટા નિયમ સુધારણા મંજુર કરતા પત્રક્રમાંક જા.ન. સરમ/ઘ/હે-૧/૯૨૮/૨૦૨૩ તા. ૫-૧૦-૨૦૨૩ને વંચાણે લેવા બાબત.

૮. સભાના પ્રમુખશ્રીની મંજૂરીથી રજુ થાય તે કામો કરવા.

સ્થળ : અમદાવાદ
તા. : **૨૩-૦૫-૨૦૨૪**

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી
**પ્રદ્યુમનસિંહ ચૌહાણ**
મેનેજીંગ ડિરેક્ટર (ઈન્ચાર્જ)

---

નોંધ :

૧. કોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો તા.૨૧-૬-૨૦૨૪ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે તે જ સ્થળે સભા મળશે.

૨. સભાસદ મંડળીના અધિકૃત પ્રતિનિધિ જ સભામાં હાજરી આપી શકશે.

૩. જે સભાસદોને આ વર્ષના સરવૈયા તથા હિસાબો બાબતે કોઈપણ માહિતી/પુછપરછ કરવાની હોય તો આ તારીખથી સાત (૭) દિનમાં લેખીત માંગણી મોકલી આપવી. જેનો યોગ્ય જવાબ મોકલી આપવામાં આવશે. સમય મર્યાદા બાદ આવેલ માંગણી કે સાધારણ સભા દરમ્યાન માંગેલ માંગણી સ્વીકારવામાં આવશે નહી.

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો અહેવાલ

વર્ષ : ૨૦૨૩-૨૦૨૪

ફેડરેશનની ચાલીસમી વાર્ષિક સાધારણ સભા સમક્ષ રજુ કરવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સની તા.૨૩-૦૫-૨૦૨૪ના રોજ મળેલ સભામાં મંજુર થયેલ અહેવાલ

**સહકારી મિત્રો અને મુરબ્બીશ્રીઓ,**

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ગ્રેઈન ગ્રોઅર્સ ફેડરેશન લિ., અમદાવાદની, ચાલીસમી વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વેનું સ્વાગત કરીએ છીએ તથા ફેડરેશનના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા આંતરિક ઓડિટર્સશ્રી એ પ્રમાણિત કરેલ વર્ષ ૨૦૨૩-૨૦૨૪ નો અહેવાલ તથા હિસાબો રજુ કરવાની રજા લઈએ છીએ.

**શેર ભંડોળ તથા સભ્ય સંખ્યા :**

અહેવાલના વર્ષ દરમ્યાન શેરભંડોળમાં રૂા. ૬૧,૫૦૦ નો વધારો થયેલ છે. કુલ શેરભંડોળ રૂા. ૭૨,૭૬,૦૦૦ થયેલ છે. સભાસદ સંસ્થાઓની સંખ્યા ૯૩૬ થયેલ છે. જેમાં ૩ સભાસદોનો ઉમેરો થવા પામેલ છે.

શેરમૂડીમાં વધારો કરવા માટે નવિન સભ્યોએ સંસ્થાના ઓછામાં ઓછા ૧૫ શેર માટે અરજી કરવાની રહેશે. જ્યારે હાલના સભ્યોને વધારાના ખૂટતા શેર મેળવી લેવા માટે અપિલ કરવામાં આવે છે. જેમાં ઘણા ખરા સભ્યોએ વધારાના શેર મેળવી પણ લીધા છે. અન્યોને ખૂટતા શેર મેળવવા સારૂ પરિપત્ર દ્વારા જાણ પણ કરેલ છે.

**નાણાંકીય સ્થિતિ :**

ફેડરેશનને પૂર્વમાં એન.સી.ડી.સી. તથા રાજ્ય સરકારશ્રીનો શેરફાળો / લોન મળેલ જે આર્થિક મુશ્કેલીઓના કારણે શેરફાળો તથા લોનની અંશતઃ ચુકવણી અગાઉ કરેલ અહેવાલના વર્ષમાં આપણે લોન/ તથા ડીપોઝીટની રકમ પર વ્યાજની જોગવાઈ કરવામાં આવેલ નથી.

રાજ્ય સરકારશ્રીમાં સદર ચુકવણી અંગે ૧૦ વર્ષનું મોરેટોડીયમ કરી આપવા અને વ્યાજ તેમજ દંડનિય વ્યાજની માફી આપવા દરખાસ્ત કરેલ છે.

રાજ્ય સરકારશ્રી અને એન.સી.ડી.સી. નું લ્હેણું ભરપાઈ કરવા ફેડરેશન ચિંતિત છે. હાલ સંસ્થામાં માત્ર ૧ ટકા રાસા. ખાતરનું એલોકેશન સામે ૪૪ હજાર મે. ટન જેટલું માતબર રાસા. ખાતરનું વેચાણ તે પણ સરકારશ્રી કે અન્ય નાણાંકીય સંસ્થાઓની નાણાકીય મદદ મેળવ્યા સિવાય થવા પામેલ છે. આપણે રાસા.ખાતર તેમજ માર્કેટીંગની કામગીરી થકી રૂા.૪૩.૦૪ કરોડનું ટર્ન ઓવર કરી શકેલ છે અને રૂા.૨૮.૨૫ લાખનો ચોખ્ખો નફો કરેલ છે. જે આપણી સંસ્થાની અર્થક્ષમતાને પુરવાર કરે છે, તેમ કહીએ તો તે અસ્થાને નહીં લેખાય. સંસ્થાને બેઠી કરવા અંગે ભૂતકાળમાં સંસ્થા તરફથી વખતો વખત રાજ્ય સરકારશ્રીમાં રજુઆતો કરવામાં આવેલ. જેના અનુસંધાને તા. ૧૯-૯-૧૯૯૫ના રોજ તત્ત સમયના પૂર્વ કૃષિ અને સહકાર મંત્રીશ્રીની ચેમ્બરમાં મીટીંગ યોજવામાં આવેલ અને તેમાં સંસ્થા તરફથી ટુંકાગાળાની લોન ભરપાઈ કરવા માટે તા. ૨૮-૦૮-૧૯૯૫ના રોજ મોરેટોડીયમ દરખાસ્ત રજુ કરવામાં આવેલ. ફેડરેશનની આ રજુઆતના અનુસંધાને કૃષિ અને સહકારી વિભાગ સચિવાલય ગાંધીનગર તરફથી પૂર્વ માન. મંત્રી શ્રી કૃષિ અને સહકારની અધ્યક્ષતામાં એક ખાસ બેઠક યોજવામાં આવેલ. જેમાં આ ફેડરેશનને બેઠું કરવા માટે ટર્ન-એરાઉન્ડ સ્ટ્રેટજીમાં નીચેના મુદ્દાઓ પર ભાર મુકવામાં આવેલ.

(૧) રાસાયણિક ખાતરની ફાળવણી ૩ થી ૫ ટકાનો વધારો કરી આપવા બાબત.

(૨) ક્રિભકો/ઈફકોના ખાતરની ફાળવણી કરી આપવા બાબત.

(૩) રૂા. ૧૫૦ લાખની કૃષિ વિભાગની ટુંકાગાળની લોનનું મોરેટોડિયમ અને રીશીડ્યુલીંગ કરી આપવા બાબત.

(૪) નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગર તરફથી મધ્યાહન ભોજન યોજના હેઠળ કરવામાં આવતી અનાજ-કઠોળની ખરીદીમાં આ ફેડરેશનને સહભાગી કરવા બાબત.

ઉપરની બાબતે મુદ્દા નં-ર સિવાય અન્ય કોઈ કામે આગળની કાર્યવાહી કે પગલા લેવાયેલ ન હોઈ ફેડરેશનની આર્થીક નાણાંકિય પરિસ્થિતિ માં નક્કર સુધારો થાય તેમજ સરકારશ્રીનું લ્હેણું ક્રમશઃ ભરપાઈ કરી શકાય. માટે મુદ્દા નં. ૧ - ૩ અને ૪ ના અમલ કરવા રાજ્ય સરકારશ્રીને વિનંતી કરવામાં આવે છે.

રાજ્ય સરકારીશ્રી આપણી સંસ્થાને રાસા. ખાતરની ફાળવણી ૧ ટકા થી ૫ ટકા કરી આપવામાં આવે તો પણ આપણી સંસ્થા એ સરકારશ્રીને તેમના લ્હેંણા પેટે માતબર રકમ ભરપાઈ કરી શકાય. તેવી બાંહેધરી આપેલ છે.

ફેડરેશન તરફથી ભુતકાળમાં થયેલ વેપારી કામગીરી પેટે ઘણી પાર્ટીઓની બાકી રહેલ લેણી રકમ સામે, ઉપલબ્ધ આધાર પુરાવાનાં આધારે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. અને આ અંગેના કેસો, રાજ્યની જુદી જુદી નામદાર કોર્ટમાં હાલ ચાલી રહેલ છે.

ફેડરેશન તરફથી પણ અમુક નાણાંની અદાયગી ન થઈ શકતાં ખાનગી વેપારીઓએ તરફથી કોર્ટ કેસ થયેલ છે. તે અંગે પણ ફેડરેશન, આધાર પુરાવાની નજરે કોર્ટ કેસોનો સામનો કરી રહેલ છે.

**વહિવટ અંગે :**

અહેવાલના વર્ષમાં વહીવટી માળખામાં ફેરફાર થયેલ નથી. સ્ટાફની સંખ્યામાં વધારો નહીં કરવાનું નક્કી કરેલ હોવાથી નવીન કોઈ વધારો કરેલ નથી.

**વેપાર ખાતુ/નફાનુકશાન ખાતુ :**

આપણી સંસ્થાનું વેપારી કામકાજ વધે વધુ સભાસદ સંખ્યાઓ સંસ્થા સાથે વેપાર થકી જોડાય તે માટે આપણા પ્રયત્નો ચાલુ છે. અહેવાલના વર્ષમાં ભારત સરકારશ્રીની ભારત બ્રાન્ડ, ચણાદાળ, ઘઉંનો લોટ અને ચોખાના વિતરણનું કાર્ય નાફેડ મારફતે મેળવીને સભ્ય સંસ્થાઓ અને ટ્રસ્ટો મારફતે સારી કામગીરી કરેલ છે.

અહેવાલનાં વર્ષ દરમ્યાન રૂા. ૪૩.૦૫ કરોડનો વેપારી ઉથલો થવા પામેલ છે. જ્યારે ચોખ્ખો નફો ૨૮.૨૫ લાખનો થયેલ છે. સભ્ય સહકારી મંડળીઓ તથા રાજ્ય સરકારશ્રીનો સહકાર મળી રહે તો ખાતરની તેમજ અનાજ/કઠોળની પ્રવૃત્તિ વિસ્તારી શકાય તેવા સંજોગો છે.

આર્થિક મુશ્કેલીના કારણે ફેડરેશનમાં હાલ રાસાયણિક ખાતરની ધંધાકીય પ્રવૃત્તિ સાથે ભારત સરકારશ્રીની ભારત બ્રાન્ડ જેમાં ચણાદાળ ઘઉંનો લોટ અને ચોખા સભ્ય સંસ્થાઓ અને ટ્રસ્ટો મારફતે કામગીરી ચાલુ છે.

**ખાતર વિભાગ :**

અહેવાલનાં વર્ષ દરમ્યાન રાસા. ખાતરનું વેચાણ ૪૪૦૦૦ મે. ટન થવા પામેલ છે. જે ૬૦,૦૦૦ મેટ્રીક ટન સુધી લઈ જવાનું લક્ષ્યાંક નક્કી કરેલ છે.

**આર્મી પરચેઈઝ ઓર્ગેનાઈઝેશન :**

એ.પી.ઓ. નાં ટેન્ડરોમાં, કોઈપણ નાણાંકીય જોખમ લીધા સિવાય, ફક્ત કેશ ડિસ્કાઉન્ટથી જ કામગીરી કરવાનું નક્કી કરેલ છે. કેન્દ્ર સરકારશ્રીએ હાલમાં એ.પી.ઓ.ની કામગીરી નાફેડને સોંપેલ હોઈ હિસાબના વર્ષમાં કોઈ કામગીરી થવા પામેલ નથી.

આપણે નાફેડને રજૂઆત કરી છે તે આપણને કામકાજમાં ભાગીદાર બનાવે ખાસ M.S.P. યોજના હેઠળની ખરીદીની કામગીરી મળે માટે તે અંગેના પ્રયત્નો હાથ ધરેલ છે.

**સભ્ય સહકારી સંસ્થાઓ :**

ફેડરેશનના પાયામાં રાજ્યની સભ્ય સહકારી મંડળીઓ છે. ફેડરેશનને હાલની આર્થિક/નાણાંકીય પરિસ્થિતિઓમાંથી બહાર કાઢવા માટે સભાસદ સહકારી મંડળીઓ, જેઓ સંસ્થાના એક (૧) અથવા બે (૨) શેર ધારકો પાસેથી સંસ્થામાં ઓછામાં ઓછા ૧૫ શેર ધારણ કરવા માટેનો નિર્ણય લેવામાં આવેલ છે. તો

સહકાર આપવા વિનંતી છે. તેમજ તેઓની જરૂરીયાત મુજબ રાસા. ખાતર ઓછામાં ઓછું ૧૨ મે. ટન વાર્ષિક ફેડરેશન મારફત ખરીદ કરે તેમજ અન્ય ખેત પેદાશોનું વેચાણ, ભૂતકાળમાં ફેડરેશન દ્વારા સર્વિસ ચાર્જ લઈ કરાવમાં આવતુ હતુ, તેમ પુનઃ શરૂઆત કરશે અને તે ફેડરેશનનો નફો ક્રમશઃ વધતો જશે અને સભ્ય મંડળીઓને પણ તેનો લાભ મળતો રહેશે. ફેડરેશનને મજબુત કરવા સભ્ય મંડળીઓ આગળ આવે તે માટે વિનંતી કરવામાં આવે છે.

અહેવાલના અભ્યાસ પરથી આપ જોઈ શકો છો કે આપણી ફર્ટીલાઈઝરની કામગીરી આપ સર્વેના સહકારથી સારી કરેલ છે. જે આવનાર સારા વર્ષોનો અણસાર છે. જેમાં આપનો સાથ અને સહકારની અપેક્ષા રાખું છું. આપણે કામગીરીનો વ્યાપ વધારી નફો રળી સરકારીશ્રીનું લ્હેણું પણ ક્રમશ ભરપાઈ કરી દેવાની નેમ છે.

**આભાર દર્શન :**

રાજ્યના ખેતીવાડી ખાતા તરફથી, ખાતરોની ફાળવણી અને અન્ય કામગીરીમાં સંપૂર્ણ સાથ સહકાર મળ્યો છે. આ માટે ગુજરાત રાજ્યનાં કૃષિ મંત્રીશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, ખેતી નિયામકશ્રી તથા અન્ય અધિકારીશ્રીઓનાં આપણે આભારી છીએ.

રાસા. ખાતરની કામગીરીમાં જી.એસ.એફ.સી., જી. એન. એફ. સી., ઈફકો, ક્રિભકો, આઈ. પી. એલ., તરફથી સારો સાથ સહકાર મળેલ છે. જે માટે તેઓના આપણે આભારી છીએ.

અધિક મુખ્ય સચિવશ્રી (સહકાર), રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (ગુજરાત રાજ્ય), સંયુક્ત રજીસ્ટ્રારશ્રી (માર્કેટીંગ) તથા સહકાર વિભાગના સ્ટાફ તરફથી મળેલ સહકાર બદલ આભાર માનીએ છીએ.

એન.સી.ડી.સી. તરફથી માર્જીન મની યોજના હેઠળ મદદ અને સહકાર મળેલ છે.

બેંક ઓફ બરોડા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ગુજરાત રાજ્ય સહકારી બેંક લી., એ.ડી.સી. બેંક લી. તરફથી મળેલ સહકાર બદલ આભાર માનવામાં આવે છે.

ફેડરેશનની સભ્ય સંસ્થાઓ તરફથી વેપારી કામગીરીમાં જે સાથ સહકાર મળી રહેલ છે. તે બદલ સહકારી સંસ્થાઓના હોદ્દેદારો તથા કાર્યકરો અને કર્મચારીઓ પ્રત્યે આપણે ખાસ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

નેશનલ કો. ઓપ. માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લી. નાફેડ અમાદાવદ બ્રાન્ચ મેનેજર શ્રીનો, ભારત સરકારશ્રીની ભારત બ્રાન્ડ ચણાદાળ, ઘઉંનો લોટ, ચોખા વગેરે રાહત દરે ગ્રાહકો સુધી પહોંચાડવાના કાર્યમાં આપણી સંસ્થાને સહભાગી બનાવવા માટેની કામગીરી સોંપવા માટે તેઓનો વિશેષ આભાર વ્યક્ત કરીએ છીએ.

આર્મી પરચેઈઝ ઓર્ગેનાઈઝેશન ન્યુ દિલ્હી, તથા રાજ્યકક્ષાનાં અન્ય ફેડરેશનો તરફથી ફેડરેશનને વખતો વખત સહકાર મળતો રહે છે. તે બદલ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

અંતમાં ફેડરેશનનાં ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રી, પ્રદ્યુમનસિંહ ચૌહાણ તથા સર્વે કર્મચારીઓને ફેડરેશનનું કામ ગોઠવવામાં નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા છે. તે બદલ તેઓની નિષ્ઠાની અહિં નોંધ લઈએ છીએ.

સ્થળ : અમદાવાદ

તારીખ : ૨૩-૦૫-૨૦૨૪

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી,
**નિતીનકુમાર વાડીલાલ પટેલ**
ચેરમેનશ્રી

**એસ. આર. મપારા એન્ડ કાું. (ચાર્ટડ એકાઉન્ટન્ટસ્)**

૪૦૬, સત્કાર, લાલ બંગલોની બાજુમાં, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન : ૨૬૪૬૧૧૮૫, મો.: ૯૮૯૮૦૨૦૧૬૫

# આંતરિક ઓડીટરનો રિપોર્ટ

આ સાથે રજુ કરેલ ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ ગ્રેઈન ગ્રોઅર્સ ફેડરેશન લિમિટેડ, અમદાવાદનું તા. ૩૧-૩-૨૦૨૪ના રોજનું સરવૈયુ તથા તેજ તારીખે પૂરા થતાં વર્ષનું નફા નુકશાન ખાતુ અમોએ તપાસ્યુ છે અને અમે રીપોર્ટ કરીએ છીએ કે.

૧. ઓડીટ અંગે જરૂરી એવી સઘળી માહિતી અને ખુલાસાઓ અમોને પૂરા પાડવામાં આવ્યા છે.

૨. સદરહું સરવૈયુ અને નફા-નુકશાન ખાતું અમોને આપવામાં આવેલ માહિતી અને પુરા પાડવામાં આવેલા ખુલાસાઓ મુજબ બરાબર જણાય છે અને તે હિસાબો ફેડરેશનની આર્થિક પરિસ્થિતિનો સાચો ખ્યાલ રજુ કરે છે.

**એસ.આર. મપારા એન્ડ કાું.**
**ચાર્ટડ એકાઉન્ટન્ટસ્**
**(આંતરિક ઓડીટર્સ)**

સ્થળ : અમદાવાદ
તા. ૦૯-૦૫-૨૦૨૪

## તારીખ ૩૧-૩-૨૦૨૪નાં રોજનું પાકુ સરવૈયું

| ૨૦૨૨-૨૦૨૩ રૂા. પૈસા | મૂડી તથા દેવા | રકમ રૂા. પૈસા | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|---|
| | **શેર ભંડોળ** | | |
| | **અધિકૃત શેર ભંડોળ** | | |
| ૫,૦૦,૦૦,૦૦૦.૦૦ | ૧,૦૦,૦૦૦ શેર દરેક રૂા. ૫૦૦/-નો | | ૫,૦૦,૦૦,૦૦૦.૦૦ |
| | **ભરપાઈ થયેલ શેર ભંડોળ :** | | |
| | **(અ) સામાન્ય શેર ભંડોળ** | | |
| ૭૨,૧૪,૫૦૦.૦૦ | ૧૪૪૨૯ શેર દરેક રૂા. ૫૦૦નો | ૭૨,૭૬,૦૦૦.૦૦ | |
| | (ચાલુ વર્ષના ૧૦૯ શેર) | | |
| ૪૫,૧૦૦.૦૦ | શેર એપ્લીકેશન મની | ૩૭,૬૦૦.૦૦ | |
| | **(બ) પસંદગીનું પરત કરી શકાય તેવું શેર ભંડોળ** | | |
| | (રાજ્ય સરકારશ્રીનો ફાળો) | | |
| ૪૪,૪૫,૦૦૦.૦૦ | ૮૮૯૦ શેર દરેક રૂા. ૫૦૦/-નો | ૪૪,૪૫,૦૦૦.૦૦ | |
| | | | ૧,૧૭,૫૮,૬૦૦.૦૦ |
| ૭૮,૭૨,૦૪૩.૪૮ | રિઝર્વ ફંડ તથા અન્ય ફંડ : | | ૭૮,૭૨,૨૫૦.૪૮ |
| | (આ સાથેના પરિશિષ્ટ ૧ મુજબ) | | |
| | **તારણ વગરની લોન :** | | |
| ૧,૧૫,૦૦,૦૦૦.૦૦ | ખેતી નિયામકશ્રીની ટુંકા ગાળાની લોન | ૧,૧૫,૦૦,૦૦૦.૦૦ | |
| ૯૦,૦૦,૨૦૮.૦૯ | રાજ્ય સરકારશ્રીની લોન | ૯૦,૦૦,૨૦૮.૦૯ | |
| ૨૧,૯૯,૮૨૩.૧૦ | ડિપોઝીટ (જવાબદારીઓ) | ૨૧,૯૯,૮૨૩.૧૦ | |
| | | | ૨,૨૭,૦૦,૦૩૧.૧૯ |
| ૪,૨૨,૭૬,૬૭૪.૬૭ | સરવાળો આગળ લઈ ગયા | | ૪,૨૩,૩૦,૮૮૧.૬૭ |

| ૨૦૨૨-૨૦૨૩ રૂ. પૈસા | મિલ્કત તથા લેણાં | રકમ રૂ. પૈસા | ૨૦૨૩-૨૦૨૪ રૂ. પૈસા |
|---|---|---|---|
| | **કાયમી મિલ્કતો :** | | |
| ૩૮,૮૨,૩૭૬.૦૪ | ગ્રોસ બ્લોક | ૪૨,૭૧,૦૦૦.૩૭ | |
| ૫૦,૮૦૬.૦૦ | બાદ : ચાલુ વર્ષનો ઘસારો | ૧,૦૨,૫૪૫.૦૦ | |
| ૩૮,૩૧,૫૭૦.૦૪ | નેટ બ્લોક (આ સાથેના પરિશિષ્ટ) (૨) મુજબ | | ૪૧,૬૮,૪૫૫.૩૭ |
| | **રોકાણ :** | | |
| ૫,૦૦૦.૦૦ | (૧) ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક લિ., ના શેર નંગ ૧ દરેક રૂ. ૫૦૦૦/-નો | ૫,૦૦૦.૦૦ | |
| ૧૦,૫૦,૦૦૦.૦૦ | (૨) નેશનલ કો. ઓ. માર્કે. ફેડ. ઓફ ઈન્ડિયા લિ. ના શેર નંગ ૪૨ દરેક રૂ. ૨૫,૦૦૦/-નો | ૧૦,૫૦,૦૦૦.૦૦ | |
| ૧,૦૦,૦૦૦.૦૦ | (૩) કૃષક ભારતી કો.ઓ.સો.લિ. નો શેર નંગ ૧ રૂ. ૧ લાખનો | ૧,૦૦,૦૦૦.૦૦ | |
| ૧૬,૨૮,૦૦૦.૦૦ | (૪) ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટી. કો.ઓ.લિ. નો શેર નંગ ૧૬ ના રૂ. ૧ લાખનો | ૧૬,૨૮,૦૦૦.૦૦ | |
| ૭,૫૫૦.૦૦ | (૫) અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓપ.બેંક લિ. નો શેર નંગ ૧૫૧ના રૂ. ૫૦/- ના લેખે | ૭,૫૫૦.૦૦ | ૨૭,૯૦,૫૫૦.૦૦ |
| ૨,૦૦,૦૦૦.૦૦ | સીક્યોરીટી ડીપોઝીટ (RCF) | ૨,૦૦,૦૦૦.૦૦ | |
| ૩,૦૦,૦૦૦.૦૦ | ” ” (GNFC) | ૩,૦૦,૦૦૦.૦૦ | |
| ૧,૧૯૪.૦૦ | ટેલીફોન (BSNL) ઈન્ટરનેટ ડિપોઝીટ | ૧,૧૯૪.૦૦ | |
| ૧૧,૨૫૦.૦૦ | ટોરેન્ટ પાવર લી. ડિપોઝીટ | ૧૧,૨૫૦.૦૦ | |
| ૩,૦૦૦.૦૦ | G-S-1 | ૩,૦૦૦.૦૦ | |
| ૧,૦૦,૦૦૦.૦૦ | નાફેડ સિક્યોરીટી ડિપોઝીટા | ૧,૦૦,૦૦૦.૦૦ | |
| | PL સિક્યોરીટી ડિપોઝીટ | ૧,૦૦,૦૦૦.૦૦ | ૭,૧૫,૪૪૪.૦૦ |
| | **ચાલુ મિલ્કતો :** | | |
| ૬,૦૨,૯૫,૯૨૯.૪૧ | વેચાણ અંગેનું લેણું | ૭,૩૦,૧૨,૫૦૧.૬૮ | |
| ૧૮,૧૭,૨૨૨.૧૭ | અન્ય લહેણા | ૯,૮૦,૪૧૭.૧૭ | |
| ૧૮,૪૩,૫૪૨.૬૩ | આખર સ્ટોક (ખાતર) | ૧૩,૦૧,૨૫૨.૯૯ | ૭,૫૨,૯૪,૧૭૧.૮૪ |
| | **બેંકોના ચાલુ ખાતા તથા હાથ ઉપર રોકડ :** | | |
| ૨,૨૨,૫૮,૪૧૫.૦૦ | એફ.ડી. ખાતુ | ૨,૨૫,૬૮,૯૪૩.૦૦ | |
| ૨૩,૨૪,૯૫૯.૩૬ | ચાલુ ખાતાનું બેલેન્સ | ૩૫,૬૮,૬૩૮.૨૫ | |
| ૨,૮૩૩.૦૦ | હાથ ઉપર રોકડ | ૨૬,૮૨૮.૦૦ | |
| | | | ૨,૬૧,૬૪,૪૦૯.૨૫ |
| ૯,૫૭,૮૦,૪૬૫.૬૧ | સરવાળો આગળ લઈ ગયા | | ૧૦,૯૧,૩૩,૦૩૦.૪૬ |

| ૨૦૨૨-૨૦૨૩ રૂા. પૈસા | મૂડી તથા દેવા | રકમ રૂા. પૈસા | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૪,૨૨,૭૬,૬૭૪.૬૭ | સરવાળો આગળ લાવ્યા | | ૪,૨૩,૩૦,૮૮૧.૬૭ |
| | **ચાલુ જવાબદારી અને જોગવાઈઓ :** | | |
| | **ચાલુ જવાબદારીઓ :** | | |
| ૪,૬૪,૫૪,૯૦૬.૫૭ | ખરીદી પેટે દેવા | ૫,૪૬,૮૧,૬૪૪.૫૭ | |
| ૧,૪૮,૧૨,૭૧૭.૩૦ | ખર્ચ પેટે દેવા | ૧,૬૦,૯૧,૮૪૯.૧૬ | |
| ૧,૯૬,૧૨,૯૭૩.૦૦ | ફર્ટીલાઈઝર સિક્યોરીટી ડિપોઝીટ | ૨,૦૫,૭૩,૯૭૩.૦૦ | ૯,૧૩,૪૭,૪૬૬.૭૩ |
| ૧૨,૩૧,૫૭,૨૭૧.૫૪ | કુલ સરવાળો | | ૧૩,૩૬,૭૮,૩૪૮.૪૦ |

**અમદાવાદ**
તા.૨૩-૦૫-૨૦૨૪

**પ્રદ્યુમનસિંહ ચૌહાણ**
મેનેજીંગ ડિરેક્ટર (ઈન્ચાર્જ)

**એસ.આર. મપારા એન્ડ કું.**
ચાર્ટડ એકાઉન્ટન્ટસ્
(આંતરિક ઓડિટર્સ)

## તારીખ ૩૧-૩-૨૦૨૪નાં રોજનું પાકું સરવૈયું

| ૨૦૨૨-૨૦૨૩ રૂ. પૈસા | મિલ્કત તથા લેણાં | રકમ રૂ. પૈસા | ૨૦૨૩-૨૦૨૪ રૂ. પૈસા |
|---|---|---|---|
| ૯,૫૭,૮૦,૪૬૫.૬૧ | સરવાળો આગળ લાવ્યા | | ૧૦,૯૧,૩૩,૦૩૦.૪૬ |
| | નફા નુકશાન ખાતુ | | |
| ૨,૮૮,૯૫,૬૦૪.૮૦ | ગઈ સાલની બાકી આગળ લાવ્યા | ૨,૭૩,૬૯,૯૭૮.૩૧ | |
| (-) ૧૫,૧૮,૭૯૮.૮૭ | ચાલુ વર્ષનો નફો બાદ કરો | (–) ૨૮,૨૪,૬૬૦.૩૭ | |
| ૨,૭૩,૭૬,૮૦૫.૯૩ | | | ૨,૪૫,૪૫,૩૧૭.૯૪ |
| ૧૨,૩૧,૫૭,૨૭૧.૫૪ | કુલ સરવાળો | | ૧૩,૩૬,૭૮,૩૪૮.૪૦ |

| | | |
|---|---|---|
| **નિતીનકુમાર વાડીલાલ પટેલ** | **બાબુભાઈ બાવનજીભાઈ નસીત** | **પ્રદ્યુમનસિંહ ચૌહાણ** |
| ચેરમેન | વાઈસ ચેરમેન | મેનેજીંગ ડિરેક્ટર (ઈન્ચાર્જ) |

## તારીખ ૩૧-૩-૨૦૨૪નાં રોજ પુરા થયેલા વર્ષનું વેપાર અને નફા-નુકશાન ખાતું

જમા

| ૨૦૨૨-૨૦૨૩ રૂા. પૈસા | વિગત | રકમ રૂા. પૈસા | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|---|
| | **વેચાણ :** | | |
| ૪૨,૮૬,૧૩,૨૭૭.૪૮ | ખાતર | ૪૧,૭૦,૮૫,૨૭૮.૪૬ | |
| | માર્કેટીંગ | ૧,૩૩,૨૩,૮૬૨.૪૮ | |
| ૧૮,૪૩,૫૪૨.૬૩ | આખર માલ સ્ટોક | ૪૩,૦૪,૦૯,૧૪૦.૯૪ | |
| — | ફર્ટીલાઈઝર (રીબેટ) | ૧૩,૦૧,૨૫૨.૯૯ | |
| ૪૩,૦૪,૫૬,૮૨૦.૧૧ | | | ૪૩,૧૭,૧૦,૩૯૩.૯૩ |
| ૯૬,૮૪,૮૯૩.૫૦ | ગ્રોસ નફો આગળ લાવ્યા | | ૧,૦૯,૫૬,૮૪૪.૯૫ |
| ૯,૨૨,૯૮૨.૦૦ | મળેલ વ્યાજ | | ૧૫,૪૦,૦૫૪.૦૦ |
| — | અન્ય આવક | | ૭,૩૩૪.૬૪ |
| ૩,૪૭,૧૦૦.૦૦ | ડિવિડન્ડ | | ૪,૯૧,૯૩૨.૦૦ |
| ૨,૭૩,૧૩૩.૫૨ | ડિસ્કાઉન્ટ (ફર્ટીલાઈઝર) / રાઉન્ડ ઓફ | | — |
| ૧,૧૨,૨૮,૧૦૯.૦૨ | સરવાળો આગળ લઈ ગયા | | ૧,૨૯,૯૬,૧૬૫.૫૯ |

| ૨૦૨૨-૨૦૨૩ રૂા. પૈસા | વિગત | રકમ રૂા. પૈસા | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|---|
| | **તા. ૧-૪-૨૦૨૩ના રોજનો** | | |
| **૭,૯૪,૫૨૨.૨૧** | **ઉઘડતો સ્ટોક** | | **૧૮,૪૩,૫૪૨.૬૫** |
| | ખાતર | | |
| | **ખરીદી - માર્કેટીંગ** | ૧,૨૦,૫૦,૪૬૭.૯૪ | |
| ૪૧,૯૯,૭૭,૪૦૪.૪૦ | ખાતર | ૪૦,૬૮,૫૯,૫૩૮.૩૯ | ૪૧,૮૯,૧૦,૦૦૬.૩૩ |
| ૯૬,૮૪,૮૯૩.૫૦ | કાચો-નફો, નફા નુકશાન ખાતે ટ્રાન્સફર કરતા | | ૧,૦૯,૫૬,૮૪૪.૯૫ |
| ૪૩,૦૪,૫૬,૮૨૦.૧૧ | | | ૪૩,૧૭,૧૦,૩૯૩.૯૩ |
| ૬,૫૫,૮૭૨.૦૦ | પગાર ખર્ચ | ૩,૭૬,૪૪૪.૦૦ | |
| ૧,૪૨,૭૯૮.૦૦ | લીવ એન્કેશમેન્ટ | ૩૧,૩૨૭.૦૦ | |
| ૮૩,૯૯૪.૦૦ | પ્રોવિડન્ડ ફંડ/ફેમીલી પ્રો. ફંડ | ૫૦,૫૨૯.૦૦ | ૪,૫૮,૩૦૦.૦૦ |
| ૬,૦૭,૯૬૦.૦૦ | ગ્રુપ ગ્રેચ્યુઈટી | — | |
| ૬,૮૦૦.૦૦ | વીમા પ્રિમીયમ | ૬૫૨૦.૦૦ | |
| ૩,૫૩૪.૦૦ | લવાજમ/બુક્સ પિરીયોડીકલ્સ | ૮૫૪૦.૦૦ | |
| ૧,૧૬,૭૫૦.૧૮ | સ્ટેશનરી પ્રિન્ટીંગ ખર્ચ | ૧,૨૩,૬૭૧.૫૦ | ૧,૩૮,૭૩૧.૫૦ |
| ૧૬,૧૭,૭૦૮.૧૮ | સરવાળો આગળ લઈ ગયા | | ૫,૯૭,૦૩૧.૫૦ |

જમા

| ૨૦૨૨-૨૦૨૩ રૂા. પૈસા | વિગત | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|
| ૧,૧૨,૨૮,૧૦૯.૦૨ | સરવાળો આગળ લાવ્યા | ૧,૨૯,૯૬,૧૬૫.૫૯ |
| ૧,૧૨,૨૮,૧૦૯.૦૨ | સરવાળો આગળ લઈ ગયા | ૧,૨૬,૯૬,૧૬૫.૫૯ |

ઉધાર

| ૨૦૨૨-૨૦૨૩ રૂા. પૈસા | વિગત | રકમ રૂા. પૈસા | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧૬,૧૭,૭૦૮.૧૮ | સરવાળો આગળ લાવ્યા | | ૫,૯૭,૦૩૧.૫૦ |
| | **તાર - ટપાલ - ટેલીફોન ખર્ચ** | | |
| ૭૧,૮૨૪.૬૦ | પોસ્ટેજ ખર્ચ | ૫૪,૭૭૫.૪૭ | |
| ૨૬,૧૯૫.૬૪ | ટેલીફોન ખર્ચ | ૩૬,૫૮૦.૦૦ | |
| ૨૫,૦૦૦.૦૦ | ઓડીટ (સ્ટેચ્યુટરી) | ૨૫,૦૦૦.૦૦ | |
| | | | ૧,૧૬,૩૫૫.૪૭ |
| | **વકીલ ફી, લીગલ ખર્ચ, પ્રોફેશનલ ચાર્જીસ :** | | |
| ૪૨,૭૫૦.૦૦ | લીગલ ખર્ચ | ૨૯,૩૪૦.૦૦ | |
| ૧૪,૯૫,૦૦૦.૦૦ | કન્સલ્ટન્સી ચાર્જીસ | ૧૬,૯૦,૬૪૫.૦૦ | |
| | | | ૧૭,૧૯,૯૮૫.૦૦ |
| | **રીપેર્સ એન્ડ મેઈન્ટેનન્સ :** | | |
| ૬૨,૪૧૦.૦૦ | વાહન નિભાવ | ૫૨,૦૨૦.૦૦ | |
| ૫,૪૭,૪૭૧.૦૦ | રીપેર્સ એન્ડ મેઈન્ટેનન્સ ખર્ચ | ૬૩,૫૮૦.૦૦ | |
| | | | ૧,૧૫,૬૦૦.૦૦ |
| | **સ્ટાફ મુસાફરી અને કન્વેયન્સ ખર્ચ :** | | |
| ૧૩,૯૨૪.૦૦ | સ્ટાફ મુસાફરી ખર્ચ | ૧૨,૩૯૮.૦૦ | |
| ૬,૪૩૭.૦૦ | કન્વેયન્સ ખર્ચ | ૧૪,૩૧૭.૦૦ | |
| ૧૪,૪૦૦.૦૦ | કન્વેયન્સ એલાઉન્સ | ૧૪,૪૦૦.૦૦ | |
| | | | ૪૧,૧૧૫.૦૦ |
| ૨૫,૦૦૦.૦૦ | આંતરિક ઓડીટ ફી | ૨૫,૦૦૦.૦૦ | — |
| ૨૫,૬૯૦.૦૦ | વીજળી ખર્ચ | ૩૮,૧૫૦.૦૦ | — |
| | | | ૬૩,૧૫૦.૦૦ |
| ૩૯,૭૩,૮૦૦.૪૨ | સરવાળો આગળ લઈ ગયા | | ૨૬,૫૩,૨૩૬.૯૭ |

જમા

| ૨૦૨૨-૨૦૨૩ રૂા. પૈસા | વિગત | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|
| ૧,૧૨,૨૮,૧૦૯.૦૨ | સરવાળો આગળ લાવ્યા | ૧,૨૬,૯૬,૧૬૫.૫૯ |
| ૧,૧૨,૨૮,૧૦૯.૦૨ | કુલ સરવાળો | ૧,૨૬,૯૬,૧૬૫.૫૯ |

| | | |
|---|---|---|
| **અમદાવાદ** | **પ્રદ્યુમનસિંહ ચૌહાણ** | **એસ.આર. મપારા એન્ડ કું.** |
| તા.૨૩-૦૫-૨૦૨૪ | મેનેજીંગ ડિરેક્ટર (ઈન્ચાર્જ) | ચાર્ટડ એકાઉન્ટન્ટસ્ |
| | | (આંતરિક ઓડિટર્સ) |

ઉધાર

| ૨૦૨૨-૨૦૨૩ રૂા. પૈસા | વિગત | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|
| ૩૯,૭૩,૮૦૦.૪૨ | સરવાળો આગળ લાવ્યા | ૨૬,૫૩,૨૩૬.૯૭ |
| ૩,૧૨,૯૧૯.૦૦ | ઓફીસ ખર્ચ | ૩,૮૨,૨૩૭.૬૫ |
| ૫૭,૦૧૧.૦૦ | વા.સા. સભા ખર્ચ | ૧,૫૮,૯૭૫.૦૦ |
| — | ઈન્કમટેક્ષ ખર્ચ | ૧૧,૫૦,૪૬૬.૦૦ |
| ૩૧,૦૫૦.૦૦ | લાઈસન્સ ફી | |
| | | ૧,૩૨૦.૦૦ |
| ૧૨,૮૧૪.૨૦ | બેંક કમીશન ખર્ચ / ટીડીએસ / લેટ ફી | ૨૦,૦૮૫.૬૦ |
| ૧,૪૪,૮૫૦.૦૦ | ડિરેક્ટર્સ ભાડા ભથ્થા ખર્ચ | ૨,૧૬,૧૦૦.૦૦ |
| ૫૮,૦૮૭.૦૦ | રેટસ્ એન્ડ ટેક્સીસ | ૫૮,૦૯૩.૦૦ |
| ૫૦,૮૦૬.૦૦ | ઘસારા ખર્ચ | ૧,૦૧,૫૪૫.૦૦ |
| ૧,૪૯,૮૨૨.૦૦ | સ્ટાફ બોનસ | ૧,૬૭,૮૫૯.૦૦ |
| ૪૬,૪૩,૨૨૪.૦૦ | ડેપો જાળવણી ખર્ચ | ૪૩,૮૯,૦૩૮.૦૦ |
| ૨૯,૫૯૦.૦૦ | હોસ્પિટાલીટી ખર્ચ | ૪૨,૬૪૩.૦૦ |
| — | ગોડાઉન ખર્ચ | ૧૦,૫૦૦.૦૦ |
| ૨,૪૦૦.૦૦ | પ્રોફેશન ટેક્ષ (કંપની) | ૨,૪૦૦.૦૦ |
| ૬,૧૦૦.૦૦ | સ્પે. રીબેટ | — |
| ૪,૫૦૦.૦૦ | ગીફ્ટ એન્ડ પ્રેઝન્ટેશન | ૧,૦૭,૧૪૮.૦૦ |
| ૧,૭૫૦.૦૦ | સોફ્ટવેર ખર્ચ | ૧,૯૫૫.૦૦ |
| ૨,૯૫૦.૦૦ | બોણી | — |
| — | લોડીંગ/અનલોડીંગ | ૧૮,૫૩૦.૦૦ |
| ૮૪,૪૫૬.૦૦ | જાહેરાત ખર્ચ | — |
| ૧,૩૭,૨૮૦.૫૩ | રેટ ડીફરન્સ / કેશ ડીસ્કાઉન્ટ | ૫,૬૯,૭૨૩.૦૦ |
| ૫,૯૦૦.૦૦ | રજીસ્ટ્રેશન | ૫૦૦.૦૦ |
| — | ટ્રાન્સપોર્ટ | ૧,૨૦,૧૫૦.૦૦ |
| ૧૫,૧૮,૭૯૮.૮૭ | ચોખ્ખો નફો પાકા સરવૈયામાં લઈ જતા | ૨૮,૨૪,૬૬૦.૩૭ |
| ૧,૧૨,૨૮,૧૦૯.૦૨ | | ૧,૨૬,૯૬,૧૬૫.૫૯ |

**નિતીનકુમાર વાડીલાલ પટેલ**
ચેરમેન

**બાબુભાઈ બાવનજીભાઈ નસીત**
વાઈસ ચેરમેન

**પ્રદ્યુમનસિંહ ચૌહાણ**
મેનેજીંગ ડિરેક્ટર (ઈન્ચાર્જ)

## "પરિશિષ્ટ - ૧"

## તા. ૩૧-૩-૨૦૨૪નાં રોજ સરવૈયામાં દર્શાવેલ રિઝર્વ ફંડ તથા અન્ય ફંડ

| અનું. નં. | વિગત | રૂા. પૈસા | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧. | રિઝર્વ ફંડ | | |
| | ગઈ સાલની બાકી | ૯,૪૩,૨૯૫.૨૦ | |
| | ઉમેરો : પ્રવેશ ફી | ૨૦૭.૦૦ | |
| | | | ૯,૪૩,૫૦૨.૨૦ |
| ૨. | કેપીટલ રિડમ્પશન ફંડ | | ૯૧,૩૨૪.૨૦ |
| ૩. | શિક્ષણ ફંડ | | ૨૧,૨૪૫.૮૬ |
| ૪. | બિલ્ડીંગ રિઝર્વ ફંડ | | ૧,૦૪,૧૫૯.૦૨ |
| ૫. | સ્ટાફ વેલ્ફેર ફંડ | | ૫,૭૯૬.૦૨ |
| ૬. | કેપીટલ સ્ટેબિલાઈઝેશન ફંડ | | ૪૧,૦૯૫.૮૯ |
| ૭. | શકમંદ લેણા ફંડ | | ૩૨,૬૭,૧૪૧.૨૯ |
| ૮. | બિલ્ડીંગ રીવેલ્યુએશન રીઝર્વ ફંડ | | ૩૩,૯૭,૯૮૬.૦૦ |
| | | કુલ | ૭૮,૭૨,૨૫૦.૪૮ |

''પરિશિષ્ટ - ૨''

તા. ૩૧-૩-૨૦૨૪નાં રોજ સરવૈયામાં દર્શાવેલ કાયમી મિલ્કતોનું પત્રક

| અનું નં. | વિગત | મકાન રૂા. પેસા | ફર્નિચર-ફિક્ચર્સ રૂા. પેસા | ઓફિસ ઈક્વીપમેન્ટ રૂા. પેસા | વાહન રૂા. પેસા | કોમ્પ્યુટર રૂા. પેસા | ટોટલ રૂા. પેસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧-૪-૨૦૨૩નો બ્લોક | ૩૪,૫૨,૪૦૦.૦૦ | ૩૯,૨૧૬.૦૦ | ૧,૪૧,૯૨૯.૦૦ | ૧,૮૬,૨૨૨.૦૧ | ૧૧,૮૦૩.૦૩ | ૩૮,૩૧,૫૭૦.૦૪ |
| ૨. | ચાલુ વર્ષ :- ઉમેરો બાદ | — | ૩,૮૮,૭૨૭.૨૦ | ૫૦,૭૦૩.૧૩ | — | — | ૪,૩૯,૪૩૦.૩૩ |
| ૩. | ૩૧-૩-૨૦૨૪નો ગ્રોસ બ્લોક | ૩૪,૫૨,૪૦૦.૦૦ | ૪,૨૭,૯૪૩.૨૦ | ૧,૯૨,૬૩૨.૧૩ | ૧,૮૬,૨૨૨.૦૧ | ૧૧,૮૦૩.૦૩ | ૪૨,૭૧,૦૦૦.૩૭ |
| ૪. | ચાલુ વર્ષનો ઘસારો | — | ૪૩,૬૯૪.૦૦ | ૨૮,૮૯૫.૦૦ | ૨૭,૯૩૩.૦૦ | ૨,૦૨૩.૦૦ | ૧,૦૨,૫૪૫.૦૦ |
| ૫. | ૩૧-૩-૨૦૨૪નો ચોખ્ખો બ્લોક | ૩૪,૫૨,૪૦૦.૦૦ | ૩,૮૪,૨૪૯.૨૦ | ૧,૬૩,૭૩૭.૧૩ | ૧,૫૮,૨૮૯.૦૧ | ૯,૭૮૦.૦૩ | ૪૧,૬૮,૪૫૫.૩૭ |

# વર્ષ ૨૦૨૪-૨૦૨૫ નું અંદાજપત્રક

| અનું. નં. | વિગત | જથ્થો (મે.ટનમાં) |
|---|---|---|
| (૧) | ડાંગર-અનાજ-કઠોળ | ૨૫,૦૦૦.૦૦ |
| (૨) | અન્ય | ૫,૦૦૦.૦૦ |
| (૩) | રાસાયણિક ખાતર | ૬૦,૦૦૦.૦૦ |
| | કુલ | ૯૦,૦૦૦.૦૦ |